જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૨/૨૦૨૨ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૩૯/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૩૭૫૧	૪૫	૮૩૭૯૬	૮૪૭૩૯	૪૫	૮૪૭૮૪
કુલ		૧૦૦૩૫૯	૪૫	૧૦૦૪૦૪	૧૦૯૨૭૬	૪૫	૧૦૯૩૨૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૪	૫,૪૬,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૨૩	૨,૨૩,૦૦૦/-

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

શહેર કોટડા પોલીસ સ્ટેશન તથા નવરંગપુરા પોલીસ સ્ટેશન તથા વાડજ પોલીસ સ્ટેશન તથા રાણીપ પોલીસ સ્ટેશન ખાતેના વાહન ચોરી તેમજ ઘરફોડ ચોરીના ગુનામા છેલ્લા સાતેક માસથી નહી પકડાયેલ અને નાસતા ફરતા આરોપીને શોધી પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

અધિક પોલીસ કમીશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી "જી" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના તથા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી મેઘાણીનગર પોલીસ સ્ટેશન નાઓએ મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડવા અંગેની સુચના કરેલ જે સુચના અનુસંધાને સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. વી.એ.હરકટ નાઓ સાથે પેટ્રોલીંગમા હતા દરમ્યાન અનાર્મ પો.કો કિરણસિહ ગોપાલસિહ તથા અનાર્મ પો.કો. ચેતનસિહ રાજેન્દ્રસિહ નાઓને સયુક્ત બાતમી હકીકત આધારે શહેર કોટડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.પાર્ટ-એ- ૧૧૧૯૧૦૪૧૨૧૧૫૬૪/૨૦૨૧ ધી ઈ.પી.કો.કલમ-૩૭૯ મુજબ તથા વાડજ પોલીસ સ્ટેશન ખાતેના પાર્ટ.એ.ગુ.ર.નં-૧૩૮૪/૨૦૨૧ ઇ.પી.કો કલમ-૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ તથા વાડજ પોલીસ સ્ટેશન ખાતેના પાર્ટ-એ.ગુ.ર.નં-૧૪૫૬/૨૦૨૧ ઇ.પી.કો કલમ-૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ તથા નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતેના પાર્ટ.એ.ગુ.ર.નં-૯૧૦/૨૦૨૧ ઇ.પી.કો કલમ-૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ તથા રાણીપ પોલીસ સ્ટેશન ખાતેના પાર્ટ-એ.ગુ.ર.નં-૧૧૬૫/૨૦૨૧ ઇ.પી.કો કલમ-૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના કામના નાસતા ફરતા અને નહી પકડાયેલ આરોપી નામે વિશાલ ઉર્ફે છોટુ અજમેરસિંગ જાતે-પરીહાર ઉ.વ.-૨૦ ધંધો-છુટક મજૂરી રહે-ગોકુળચંદ કસ્તુરચનદની નવી ચાલી રામચંન્દ્ર કોલોનીની સામે ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ-ચોરેલા તા-મીઠોલી જીલ્લો-ઇટાવા (ઉત્તરપ્રદેશ) નાઓને તા-૧૯/૦૨/૨૦૨૨ ના કલાક ૧૫/૩૦ વાગે સી.આર.પી.સી.કલમ ૪૧(૧)(આઇ) મુજબ પકડી શહેરકોટડા પોલીસ સ્ટેશન તથા વાડજ પોલીસ સ્ટેશન તથા નવરંગપુરા પોલીસ સ્ટેશન તથા રાણીપ પોલીસ સ્ટેશનના વાહન ચોરી તથા ઘરફોડ ચોરીના ગુનામા નાસતા ફરતા આરોપીને શોધી પકડી પાડી સારી તેમજ પ્રશંસનિય કામગીરી કરેલ છે.

આરોપીનું નામ સરનામુ

વિશાલ ઉર્ફે છોટુ અજમેરસિંગ જાતે-પરીહાર ઉ.વ.-૨૦ ધંધો-છુટક મજૂરી રહે-ગોકુળચંદ કસ્તુરચનદની નવી ચાલી રામચંન્દ્ર કોલોનીની સામે ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ-ચોરેલા તા-મીઠોલી જીલ્લો-ઇટાવા (ઉત્તરપ્રદેશ)

નીચે મુજબના ગુનાઓમા નાસતો ફરતો આરોપી

શહેરકોટડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૧૧૫૬૪/૨૦૨૧ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ (બજાજ કંપનીની પ્લસર ૨૨૦ મો.સા.ની ચોરી)
વાડજ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૩૮૪/૨૦૨૧ ઇ.પી.કો કલમ-૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ (ડેરીમા રોકડ ચોરી)
વાડજ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૪૫૬/૨૦૨૧ ઇ.પી.કો કલમ-૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ (મેડીકલ સ્ટોરમાથી રોકડ ચોરી)
નવરંગપુરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૯૧૦/૨૦૨૧ ઇ.પી.કો કલમ-૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ (મેડીકલ સ્ટોરમાથી રોકડ ચોરી)
રાણીપ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૬૫/૨૦૨૧ ઇ.પી.કો કલમ-૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ (મેડીકલ સ્ટોરમાથી રોકડ ચોરી)

આરોપીનો પુર્વ ગુનાહીત ઇતિહાસ

ગોમતીપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.-૧૪૦/૨૦૧૯ ઇ.પી.કો કલમ-૩૮૭,૪૫૭ મુજબ
મેઘાણીનગર પોલીસ સ્ટેશન પાર્ટ.સી.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૩૨૧૧૦૪૪/૨૦૨૧ પ્રોહી કલમ-૬૫(એ),૧૧૬(બી),૮૧ મુજબ

કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી

(૧) પો.સબ.ઈન્સ. વી.એ.હરકટ (૨) એ.એસ.આઇ દિલીપકુમાર ઇશ્વરભાઇ બ.નં.-૭૬૨૦ તથા (૩) એ.એસ.આઇ દિનેશકુમાર મીઠાલાલ બ.નં-૭૬૧૧ તથા (૪) અનાર્મ હેડ કોન્સ. અશ્વીનભાઇ મણીલાલ બ.નં.૮૭૨૦ તથા (૫) અનાર્મ પો.કોન્સ. ચેતનસિહ રાજેન્દ્રસિહ બ.નં.-૮૪૬૭ તથા (૬) અનાર્મ પો.કોન્સ. યુવરાજસિંહ ભરતસિંહ બ.નં.૧૩૧૪૬ તથા (૭) અનાર્મ પો.કોન્સ. ભરતસિહ ભુપતસિહ બ.નં-૮૫૨૮ તથા (૮) અનાર્મ પો.કોન્સ. કિરણસિહ ગોપાલસિહ બ.નં.૯૨૧૦ તથા (૯) અનાર્મ પો.કોંસ અરૂણસિહ યશપાલસિહ બ.નં.૪૨૪૭ તથા (૯) અનાર્મ પો.કોન્સ તરંગ રમણભાઇ બ.નં.૬૯૬૩



ગોમતીપુર પોલીસ સ્ટેશન

વેજલપુર પોલીસ સ્ટેશનનાં લુટના ગુનામા સંડોવાયેલ નાસતો ફરતો આરોપી પકડી પાડવા બાબત.

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મળતી સુચનાઓ જેમાં નાસતા-ફરતા/વોન્ટેડ/પેરોલ જંમ્પ કરેલ આરોપીઓને પકડવા સારૂ સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી જે.કે.રાઠોડ ગોમતીપુર પોલીસ સ્ટેશન નાઓના સીધા માર્ગદર્શન અને સૂચના મુજબ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે નીચે મુજબની સારી કામગીરી કરવામા આવેલ છે.

સર્વેલંન્સ સ્કોડના પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એમ.બી.ગામીત તથા અ.હેડ.કોન્સ અનોપસિંહ કિશોરસિંહ બ.નં ૩૪૭૩ તથા પો.કો ભગીરથસિહ વિક્રમસિંહ બ.નં ૧૩૦૮૭ તથા લો.૨ સૈફલખાન રસીદખાન બ.નં ૧૧૭૦૯ તથા લો.૨ હર્ષદભાઈ નગીનભાઈ બ.નં.૧૨૬૪૯ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન લો.૨ હર્ષદભાઈ નગીનભાઈ તથા લો.૨ સૈફલખાન રસીદખાન નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે,"એક ઇસમ નામે ફૈયાજ ઉર્ફે લહુ ફિરદોશભાઈ સંધિ કે જેણે શરીરે વાદળી કલરનુ ડીઝાઈન વાળુ આખી બાયનું શર્ટ તથા વાદળી કલરનુ જીન્સ પેન્ટ પહેરેલ છે તે હાલમા કાળીદાસ મિલ કમ્પાઉન્ડ આર.કે એસ્ટેટની સામે ઉભેલ છે, અને તે વેજલપુર પો.સ્ટેમાં કોઈ લુટના ગુનામા સંડોવાયેલ છે" વિગેરે મતલબની બાતમી હકીકત આધારે ફૈયાઝ ઉર્ફે લહુ સ/ઓ ફિરદોશભાઈ ઉર્ફે ભોલાભાઈ સંધી ઉ.વ ૨૪ રહે હાલ મ.નં ૧૭૪૦/૧ ગેટ નંબર ૦૧ મણિયારવાડા રાજપુર ટોલનાકા ગોમતીપુર તથા હાસ્માપાર્ક સોસાયટી હિમાલયા બેકરી સામે બેરલ માર્કેટ દાણી લીમડા અમદાવાદ શહેર નાનો મળી આવેલ અને સદરી ઇસમ વેજલપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૮૨૨૦૩૦૦/૨૦૨૨ ધી ઈ.પી.કો કલમ ૩૯૨,૧૭૦,૧૧૪ તથા જી.પી.એ ૧૩૫(૧) મુજબના ગુનામાં સંડોવાયેલ હોય અને નાસતો-ફરતો હોવાની કબુલાત કરેલ હોય જેથી સદરી બાબતે કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધુ કાર્યવાહી સારૂ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે સોપવા તજવીજ કરવામાં આવેલ છે.

આરોપીનુ નામ : ફૈયાઝ ઉર્ફે લહુ સ/ઓ ફિરદોશભાઈ ઉર્ફે ભોલાભાઈ સંધી ઉ.વ ૨૪ રહે હાલ મ.નં ૧૭૪૦/૧ ગેટ નંબર ૦૧ મણિયારવાડા રાજપુર ટોલનાકા ગોમતીપુર તથા હાસ્માપાર્ક સોસાયટી હિમાલયા બેકરી સામે બેરલ માર્કેટ દાણી લીમડા અમદાવાદ શહેર

આરોપી વિરૂધ્ધ નોધાયેલ ગુનાની હકીકત :

વેજલપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૮૨૨૦૩૦૦/૨૦૨૨ ધી ઈ.પી.કો કલમ ૩૯૨,૧૭૦,૧૧૪ તથા જી.પી.એ ૧૩૫(૧) મુજબ

આરોપીનો ગુનાહિત ઈતિહાસ :

(૧) ગાંધીનગર ઇન્ફોસિટી પોલીસ સ્ટેશન ગુ.ર.નંબર ૧૧૨૧૬૦૦૧૨૧૦૦૩૭/૨૦૨૧ ધી ઈ.પી.કો કલમ ૩૯૨,૧૧૪

(૨) ગોમતીપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં ૧૧૧૯૧૦૧૮૨૦૦૨૨૭/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૨૯૪(ખ),૩૦૭,૩૨૩,૫૦૬(૨) તથા જી.પી.એ ૧૩૫(૧) મુજબ

(૩) ગોમતીપુર પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં ૫૫૯૧/૨૦૧૯ પ્રોહી કલમ ૬૬(૧)(બી), ૮૫(૧) તથા જી.પી.એ ૧૧૦,૧૧૭ મુજબ

પાસા અટકાયતની વિગત

ઓઢવ પોલીસ સ્ટેશન

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો ઇન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર સી આર રાણા નાઓએ "જાહેર વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને ભુજ પલારા જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :-

અજયભાઇ સન/ઓફ હરીઓમ મેવારામ જાતે. જાટવ ઉ. વ. ૨૨ રહે. આલોક સોસાયટી વિષ્ણુભાઇ રબારીના મકાનમાં હનુમાનજીના મંદીર પાસે વિરાટનગર કેનાલ પાસે વિરાટનગર ઓઢવ અમદાવાદ શહેર

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) ઓઢવ પો સ્ટે ગુ ૨ નં એ/૧૧૧૯૧૦૩૭૨૧૦૬૧૮/૨૦૨૧ ઇપીકો કલમ ૪૫૪ , ૪૫૭ , ૩૮૦ . ૧૧૪ મુજબ (૨) ઓઢવ પો સ્ટે ગુ ૨ નં એ/૧૧૧૯૧૦૩૭૨૨૦૦૨૯/૨૦૨૨ ઇપીકો કલમ ૪૫૪ , ૪૫૭ , ૩૮૦ . ૧૧૪ મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં – પીસીબી/ડીટીએન/પાસા/૧૭૨/૨૦૨૨ તા. ૧૯/૦૨/૨૦૨૨ તથા બજવણી તા. ૧૯/૦૨/૨૦૨૨ ના કલાક ૨૨/૩૦ વાગે :- ભુજ પલારા જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ શ્રી એસ વી પટેલ તથા મ સ ઇ અળખાભાઇ કરશનભાઇ બ નં ૮૬૧૫ તથા પો. કો વિવેકભાઇ નટવરભાઇ બ નં ૩૪૬૯ તથા પો કો કરણભાઇ ગિરધરભાઇ બ નં ૧૨૭૮૧ તથા પો કો જયપાલસિંહ રજણજીતસિંહ બ.નં. ૧૨૩૦૨



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૪૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૮૫ લીટર દેશી દારૂ, ૯ ઇંગ્લીશ બોટલ, ૧૧ ક્વાટર્સ ઇંગ્લીશ દારુ, ૧૨ બિયર ટીન, ૧ રિક્ષા અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૨૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૪૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- **સમાચાર યાદી નં.૩૪૨/૨૦૨૨**

કૃષ્ણનગરઃ ભાવનાબહેન વા/ઓ કૃણાલભાઈ સોલંકી (ઉ.વ.૩૦) (રહે.જયરામ નિવાસ કુબેરદાસની જુની ચાલી જયેશ મેડીકલ સ્ટોરની બાજુમાં નરોડા રોડ સૈજપુર બોધા) એ તા.૧૯/૦૨/૨૦૨૨ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ભાવનાબહેન સોલંકી તા.૧૭/૦૨/૨૦૨૨ સવારના ૮/૧૫ વાગ્યાના સુમારે સૈજપુર પોસ્ટ ઓફિસ સામેથી ચાલતા-ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષોએ ભાવનાબહેન સોલંકીને લાલદરવાજા ભદ્રકાળી મંદિર જવાનો રસ્તો પુછી પોતાની ઓળખ ભુવાજી તરીકે આપી ભાવનાબહેન સોલંકીને એક રૂપિયાનો સિક્કો તેમજ એક ફુલ આપી વિશ્વાસમાં લઈ તિજોરીમાં મુકવાનું કહી તારૂ સારૂ થઈ જશે તેમ કહી ભાવનાબહેન સોલંકીએ પહેરેલ સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ચેનકેન રીતે મેળવી લઈ નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.અસારી ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૩૪૩/૨૦૨૨**

વાસણાઃ લક્ષ્મણભાઇ હમિરભાઇ ધુધલ (રહે. શેરી નં-૫ યોગેશ્વરનગર વિભાગ-૧ ગુપ્તાનગર વાસણા) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૨/૨૦૨૨ સાંજના ૭/૩૦ થી તા.૧૯/૦૨/૨૦૨૨ કલાક ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૧,૦૯,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.આર.રાવળ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૩૪૪/૨૦૨૨**

સેટેલાઈટઃ વિષ્ણુભાઇ ગોવિંદભાઇ વૈષ્ણવ (રહે. જયભાનુ સોસાયટી ચાણક્યપુરી બ્રીજ પાસે ઘાટલોડીયા) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અક્ષર કોમ્પલેક્ષ શિવરંજની ચાર રસ્તા દુકાન નંબર-૧૧ "ચારભુજા સેન્ડવીચ" નામની વિષ્ણુભાઈ વૈષ્ણવની દુકાન ખાતે કામ કરતા ઇન્દરસિંગ રઘુનાથસિંગ રાજપુત (મુળ વતન. ગોગરા તા.સુમેરપુર જી.પાલી રાજસ્થાન) અને સાયન્સ સીટી બ્રાન્ચ ઉપર મોતીલાલ જોગારામ દેવાંશી (મુળવતન ગામ-કવલા તા-આહોર જી-ઝાલોર રાજસ્થાન) એ ભેગા મળી તા.૧૮/૦૨/૨૦૨૨ કલાક ૪/૪૫ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન વિષ્ણુભાઈ વૈષ્ણવની દુકાન ખાતે રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.પ્રજાપતિ ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૩૪૫/૨૦૨૨**

રાણીપઃ શિતલબહેન વા/ઓ સંદિપકુમાર પટેલ (ઉ.વ.૩૭) (રહે. તરૂ એપાર્ટમેન્ટ રામકોરબા સોસાયટી સામે રાણીપ) તા.૧૯/૦૨/૨૦૨૨ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે રાણીપ રાધાસ્વામી રોડ ગાયત્રીકુંજ સોસાયટીના દરવાજા આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગના એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શિતલબહેન પટેલના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૩,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શિતલબહેન પટેલે રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી એમ.એસ.ગોહેલ ચલાવે છે.

ટ્રેઈનની અડફેટમાં આવતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૩૪૬/૨૦૨૨**

રાણીપઃ હિરાલાલ છગનલાલ મારવાડી (ઉ.વ.૭૫) (રહે. ખોડીયારનગરના છાપરાં પિન્ક સીટી સામે રાણીપ) તા.૧૯/૦૨/૨૦૨૨ કલાક ૭/૪૫ થી ૯/૪૦ વાગ્યા દરમ્યાન ગોપાલપુરાની બાજુમાં પુરષોતમ સોસાયટી પાછળ રેલ્વે પોલ નં.૫૦૩/૦૫ થી ૫૦૩/૦૭ વચ્ચેના ભાગે રેલવે પાટા ઓળંગતા હતા ત્યારે ટ્રેઈનની અડફેટમા આવી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પંકજકુમાર પરષોતમભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૩૪૭/૨૦૨૨**

ચાંદખેડાઃ હિમાંશુભાઈ મહેન્દ્રભાઈ પુરોહીત (ઉ.વ.૪૨) (રહે. ન્યુ રણછોડનગર વિભાગ-૧ જગતપુર) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૨/૨૦૨૨ કલાક ૮/૦૦ થી કલાક ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઈ જયંતીભાઈ ચલાવે છે.

શાહીબાગઃ મહેન્દ્રકુમાર ભરતભાઇ પટેલ (ઉ.વ.૩૨) (રહે.પ્રભુકૃપા સોસાયટી ગાયત્રી મંદિર પાસે રાણીપ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૨/૨૦૨૨ રાતના ૯/૦૦ થી તા.૧૯/૦૨/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન શાહીબાગ ઘોડા કેમ્પ રોડ અભયમ સિવિલ સ્ટાફ કવોર્ટસ ખાતેના પોતાના મકાનમાં પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીગ્નેશકુમાર મનુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.